

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*ઉઠી ગયો વિશ્વાસ તાટસ્થ્યમાં નપાસ થઈ ગઈ !*
*તપાસ કરનારાની જ ખુલ્લી તપાસ થઈ ગઈ !*
*હતાસ થઈ ગઈ પ્રજા ડૂબી સુરક્ષાના તરાપે -*
*'ભ્રષ્ટાચાર'ની ભૂંગળ બકવાસ થઈ ગઈ!*

હાઈકુ

*ખાધા કરોડો !*
*લોહી-માંસ વેંચીને -*
*આસ્થા અસ્થાને...*

*કસાઈ ને ય*
*આપે દે ક્લીન ચીટ*
*આ લાંચ પ્રેમી !!*

## ચિંતન

***સહજ દિયા સો દૂધ બરાબર, માગ લિયા સો પાની,***
***ખીંચ લીયા સો રક્ત બરાબર, યહી કબીરા બાની.***

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**જીવનનું એક સત્ય સમજાવતા કબીર કહે છે કે માગવું એ મરવા બરાબર છે માટે કોઈ કદી ભીખ માગશો નહીં; અને તેઓ સંતો વિષે કહે છે કે આપણા પવિત્ર પુરુષો એવી ટેક રાખે છે કે 'આપણા નાશવંત શરીરને ટકાવવા માટે માગવા કરતાં મરવું બહેતર છે અને વળી સંતો એમ પણ કહે છે કે જો કોઈ વ્યક્તિ સ્વાભાવિક ઉમકાથી અને સદ્ભાવનાથી આપે તો તે દૂધ બરાબર છે એમ સ્વીકારી લેવું.'**

**કબીર કહે છે કે આમ સહજભાવથી મળે તે દૂધ બરાબર છે અને માગવાથી જે મળે તે પાણી બરાબર છે, પણ કોઈ ચીજ કોઈ ને લૂંટી લેવાથી કે આંચકી લેવાથી મળે તે તો રક્ત બરાબર છે. માટે જે કંઈ લેવું તે સમજી વિચારીને લેવું.**

## સુવિચાર

- અન્યને અન્ય જાણે એ મુક્ત, અન્યને અન્ય જાણે અને 'સ્વ' ને 'સ્વ' જાણે એ મહામુક્ત - **દાદા ભગવાન**
- આગ્રહ એ અહંકારનો ફોટો છે. સામાનો અહંકાર એના આગ્રહથી સમજ પડે છે - **જ્ઞાનસૂત્ર**
- મુક્ત હાસ્ય ઉત્પન્ન થાય નહીં, મુક્ત વાણી ઉત્પન્ન થાય નહીં, મુક્ત વર્તન ઉત્પન્ન થાય નહીં, ત્યાં સુધી મનોહર થવાય નહીં - **કચ્છી કહેવત**
- શણગાર્યો બાવળ પણ શોધે - **કચ્છી કહેવત**
- આત્મજ્ઞાન એ આત્મવિકાસનો પ્રારંભ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભાષણ રૂપેરી છે તો મૌન સોનેરી છે - **રામધારીસિંહ દિનકર**
- આજનું ઔષધ : કાચા ચોખા ચાવી ચાવીને ખાવાથી અજીર્ણ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક રાજા તેની બુદ્ધિમતા, ચાતુર્ય, રાજય શાસન કૌશલ્ય અને ન્યાય માટે દસે દિશાઓમાં પ્રખ્યાત હતો. તેનું રાજય પણ ધનધાન-સંપત્તિથી પરિપૂર્ણ હતું. નાના ખેડૂતથી માંડીને સૌ કોઈ સુશાસનથી ખુશ હતા. રાજાનો એક પ્રધાન નગરયાત્રાએ નીકળ્યો. યાત્રાથી પરત ફરી તેણે રાજાને કહ્યું, 'મહારાજ, દસેય દિશાઓમાં લોકો તમારી પ્રશંસા કરે છે. આપણું રાજય ધનધાનથી પરિપૂર્ણ છે. આમ છતાં કેટલાક નગરજનો મને એવા મળ્યા કે જે આપની નિંદા કરે છે. આપના નિર્ણયોની મજાક ઉડાવે છે. આવું કેમ થાય છે રાજન ?' રાજાએ જવાબ આપતાં કહ્યું, 'રાજયની તમામ પ્રજાને ખબર છે કે રાજા પ્રજા માટે શું કરે છે. રહી વાત મારી ટીકાની તો રાજયની બહાર - જવા આવવાના દરવાજા બંધ કરીને તેને તાળા મરાવી શકું, પરંતુ પ્રજાની જીભને તાળા કેમ મારી શકું ? તેમની નિંદાથી મને ઉત્તમ કાર્ય કરતા રહેવાની પ્રેરણા મળે છે. અને કદાચ એક દિવસ એવો પણ આવશે કે આપણે કરેલા સદ્કાર્યોથી એમનાં મોઢા પણ બંધ થઈ જશે.' પ્રધાને રાજાની વાતનો સ્વીકાર કર્યો.

# બાંધી મૂઠી કેટકેટલાં કૌભાંડ !

**તંત્રીસ્થાનેથી...**

સીબીઆઈના બેઉ સિનિયર મોસ્ટ ઓફિસરોને રજા પર ઉતારી દઈ એમના તમામ અધિકારો હસ્તગત કરી લેવાના કેન્દ્ર સરકારના નિર્ણયથી બે પ્રકારની વિરોધાભાસી અભિપ્રાય પ્રવર્તી રહ્યા છે. આલોક વર્માના બચાવમાં ઊતરેલ કોંગ્રેસને એ દૂધે ધોયેલા લાગે છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે ગુજરાત કેડરના રાકેશ અસ્થાનાની બેઈજ્જતી પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયેલ છે. આવી અતિ સંવેદનશીલ તપાસ એજન્સીના વરિષ્ઠ અધિકારીઓ એકબીજાનાં લૂગડાં ઉતારવાની હોડમાં ઉતર્યા છે એથી દેશની પ્રજાને નેતાઓ સાથે ઘરોબો ધરાવનારી નોકરશાહી દેખીતી રીતે જ ભ્રષ્ટ અને અળખામણી લાગે તે સમજી શકાય એવી બાબત છે. સુરતના પોલીસ કમિશનર તરીકે વખણાયેલા રાકેશ અસ્થાનાની અંગત જિંદગી ભ્રષ્ટાચારનાં કાળા કરતૂતોથી ખરડાયેલી હશે એવી કોઈને કલ્પના પણ ન આવે એ હદે આ કહેવાતા જાંબાઝ પોલીસ ઓફિસરે પોતાનું પદ્ધતિસરનું 'ઈમેજ બિલ્ડીંગ' સંપન્ન કર્યું હતું. પોતે જાણે ગુજરાતના 'સિંઘમ' છે અને નર્મદ, વિવેકાનંદ, સુભાષ બાબુ તથા સરદાર પટેલની કક્ષાના રાષ્ટ્રનાયક બની રહેવા કૃતસંકલ્પ છે, એવો વીડિયો પણ બનાવી મૂઠી ઊંચેરી ઈમેજના માનવી તરીકે પ્રસ્થાપિત થવા કોશિશ કરતા રહ્યા છે. આજે એ અક્ષરશઃ રંગે હાથ પકડાઈ ગયા છે અને એમની આ ભ્રષ્ટ હરકત એમની કહેવાતી ઊંચી કારકિર્દીને સમાપ્ત કરવા પૂરતી બની રહે એમ છે. આ પોલીસ ઓફિસર કેન્દ્ર સરકારને પણ ધમકી આપી શકે છે - મારી તપાસ કરનારે ગોધરાકાંડની પણ પુનઃ તપાસ માટે તૈયાર રહેવું પડશે એવી ગર્ભિત ચેતવણી ઉચ્ચારીને એમને બિટવિન ધ લાઈન્સ ઘણું બધું કહી દીધું છે. અસ્થાના એમની બદલી વખતે સીમ કાર્ડ જમા કરાવવાને બદલે સાથે લઈ જતા હતા તે પણ સૂચક છે. ઘણાં બધાં રહસ્યો એમના સીમ કાર્ડમાં સુરક્ષિત હોઈ શકે છે. સાંડેસરા પરિવાર સાથેની મીઠા સંબંધો કે ખુદ વડાપ્રધાનના લાડકવાયા ઓફિસર હોવાની છાપ ધરાવતા અસ્થાનાએ એમના સિનિયર આલોક વર્મા સાથે શિંગડાં ભરાવવાની હિંમત કરી એમાં પણ પોતે સત્તાધીશોની ગુડ બુકમાં હોવાની પ્રતીતિ જ વ્યક્ત થાય છે. સરકાર દેખાવ પૂરતા પરિપત્રો કરીને ઉચ્ચ અધિકારીઓએ કોઈની ભેટ-બક્ષિસ, સૂકો મેવો કે મીઠાઈ સુધ્ધાં નહીં સ્વીકારવી એવી સૂચના આપતી રહે છે. અસ્થાનાની પુત્રીનું આખેઆખું લગ્ન જ કોમ્પ્લિમેન્ટરીમાં કરાવી દીધું હતું. છતાં કોઈ જ પગલાં લેવાયાં ન હતાં. આલોક વર્માના ગાર્ડને એમના 'સાહેબ' ની સરકાર જાસૂસી કરાવી રહી હોવાની દહેશત હતી. એટલે વહેલી પરોઢવેળાએ વર્માના નિવાસસ્થાન આસપાસ ફરતા ચાર આઈબી અધિકારીઓને વર્માના અંગરક્ષકોએ મેથીપાક ચખાડ્યો હતો. રાહુલ ગાંધીએ આલોક વર્માને હટાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિર્ણય સામે શંકાની સોય તાકી છે. રાફેલ ડીલની તપાસકરી રહેલા વર્માને ફરજમુક્ત તથા અધિકારોથી વંચિત કરવા પાછળ ખુદ વડાપ્રધાનનો 'રાફેલ-ડર' જવાબદાર છે, એવી રાહુલ ગાંધીની શંકા કાશ, સાચી ન પડે ! ૨૦૧૯ની ચૂંટણીઓ નજીકના ભવિષ્યમાં આવી રહી છે ત્યારે વડાપ્રધાન મોદી ધીરે ધીરે સંદેહના કૂંડાળામાં ફસાતા જાય છે. સુરત પોલીસ કલ્યાણ ફંડના વીસ કરોડ રૂપિયા અસ્થાનાએ શાસક પાર્ટીના ફંડમાં ટ્રાન્સફર કર્યા હોવાના આક્ષેપમાં તથ્ય હોય તો આપણા રાજનેતાઓ આવા ભ્રષ્ટ બ્યુરોક્રેટ્સ સાથે કેવા કળણમાં ફસાઈ રહ્યા છે તેની જ પ્રતીતિ થશે. ફક્ત ઈશ્વરજ આ દેશને બચાવી શકશે !

# નાદાન દોસ્ત સે સમજદાર દુશ્મન અચ્છા હોતા હૈ



**ડાયલોગથી દેવભાષા**
ડૉ. જય ઓઝા

*નાદાન દોસ્ત સે સમજદાર દુશ્મન અચ્છા હોતા હૈ*

*- ઉડન ખટોલા*

ઈ.સ. ૧૯૫૫માં દિલીપકુમાર, નિમ્મી અને સૂર્યાકુમારી ને ચમકાવતી ફિલ્મ 'ઉડન ખટોલા' નો આ સંવાદ છે. એસ. યુ. સન્ની દ્વારા નિર્દેશિત અને આઝમ બાઝીદપુરી દ્વારા લિખિત આ ફિલ્મનું અમર સંગીત નૌશાદે આપ્યું હતું અને 'મહાબ્બત કી રાહો મોં...' જેવા સદાબહાર ગીતો આજે પણ રસિકોના હૈયા પર રમે છે. આ સંવાદસૂર્યાકુમારીના મુખે બોલાયો છે. નિમ્મી (ફિલ્મની હિરોઈન) જયારે દિલીપ કુમાર પર નિષ્ફળ હુમલો કરે છે, ત્યારે દિલીપકુમાર 'રાજરાની' - સૂર્યાકુમારીને કહે છે કે આ 'નાદાન' ની આ ભૂલ માફ કરી દે. કારણ કે ગમે તેમ તોય તે તારી મિત્ર છે, અને તે સમયે સૂર્યાકુમારી કહે છે કે 'માફ કર દેતી અગર એ મુઝ પર વાર કરતી, પર ઈસને મેરે ચાંદ કો ડૂબોના ચાહા, નાદાન દોસ્ત સે સમજદાર દુશ્મન અચ્છા હોતા હૈ.' આ ફિલ્મની તમિલ રિમેક ૧૯૫૬માં બની હતી. જોવાની ખૂબી એ છે કે ઈ.સ. ૨૦૦૫માં વિક્રમ ભટ્ટ નિર્દેશિત 'જુર્મ' ફિલ્મમાં પણ મિલિન્દ સોમાન આવો જ એક સંવાદ બોલે છે... 'બેવકુફ દોસ્ત સે સમજદાર દુશ્મન ઝ્યાદા અચ્છા હોતા હૈ...'

નવાઈની વાત છે ને ! એક સરખો સંવાદ ૧૯૫૫ પછી ૨૦૦૫માં વળી રિપીટ થાય છે. પરંતુ મિત્રો વધુ અચરજની વાત તો એ છે કે આ જ સંવાદ વિષ્ણુ શર્મા ચરિત 'પંચતંત્ર' નામક સંસ્કૃત ગ્રંથમાં તો લગભગ બીજી કે ત્રીજી સદીમાં જ કહેવાઈ ગયો છે...

*પણ્ડિતઃ અપિ વરં શત્રુ ન મૂર્ખો હિતકારકઃ ।*
*- મૂર્ખ હિતેચ્છુની સરખામણીમાં વિદ્વાન શત્રુ પણ સારો છે.*

અગાઉ પણ કહ્યું છે તેમ 'પંચતંત્ર' એ સંસ્કૃત કથાઓનો એવો અદ્ભૂત ગ્રંથ છે કે તેના જેવી પ્રાણી વાર્તાઓ તો ત્યારબાદ બધી જ ભાષાઓમાં કોપી થવા લાગી.

સાચે જ મૂર્ખ દોસ્તની સોબત આપણને નીચે જ ડૂબાડે છે, જયારે વિદ્વાન શત્રુ આપણને વધુ ચપળ અને હોંશિયાર બનાવે છે. કારણ કે દુશ્મન જો ચાલાક અને હોંશિયાર હશે તો આપણે તેની સમકક્ષ પહોંચવા માટે વધુ બુદ્ધિ કસવી પડશે...

અને એટલા માટે જ પંડિત વિષ્ણુ શર્માએ કહેલી અકાટ્ય પંક્તિ - અમર ઉક્તિ - ને અનુક્રમે ૧૯૫૫માં આઝમ બાઝીદપુરીએ 'ઉડન ખટોલા' માં અને ૨૦૦૫માં સલીમ ખાને 'જુર્મ'માં પુનરાવર્તિત કરીને આપણને સમક્ષ રજૂ કરી છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# સ્વરચના પઠન કાર્યક્રમ યોજાયો



**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વિસરાતી ગરવી ગુજરાત માતૃભાષામાં લોકોને ઊંડો રસ કેળવાય અને ગુજરાતીનો વ્યાપ વધે અને લોકો માતૃભાષામાં માતબર ખેડાણ કરે તે માટે; ગાંધીનગર સાહિત્યસભા દ્વારા અવારનવાર યોજાતા કાર્યક્રમો અને દરમાસે યોજાતી સાહિત્યિક સભામાં તા. ૧૪મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ 'સ્વરચના' નો કાર્યક્રમ સુપેરે યોજી ગયો. આ સભામાં મા સરસ્વતીની વંદના મૂળજીભાઈ પરમાર તથા રમણલાલ શ્રીમાળી દ્વારા, સૌના સુમધુર સ્વરના સથવારે કરવામાં આવી. ત્યારબાદ સાહિત્યકારો સુમંત શાહ, રોહિતભાઈ જોષી, એન.ડી. જોષી, ઈશ્વરભાઈ જોષી, ભીખુ કવિ, ડૉ. અંબાલાલ પ્રજાપતિ, રમણલાલ શ્રીમાળી, રણછોડ પરમાર, બાબુ નાયક, હાર્દિ સોની, મહેન્દ્ર રાઠોડ, કવિ મુલાંકી, ગુલાબચંદ પટેલ, મહેન્દ્ર ચૌહાણ, સંજય થોરાત, પૂર્વ પ્રમુખ ભરત કવિ દ્વારા સ્વરચનાઓનું પઠન કરવામાં આવ્યું; જેને હાજર સર્વે માણ્યો હતો.

● ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા તા. ૨૧મી ઓક્ટોબર, ૨૦૧૮, ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવનના સમિતિ ખંડ ખાતે 'વાર્તા વાચન' 'કાવ્ય પઠન' અને તે અન્વયેના વિચાર વિમર્શ અને વિવેચનનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં સુરતના ડૉ. હેતલ ચૌહાણે કાવ્યનું પઠન કર્યું હતું તથા જાસપુરના શ્રીરામ સોલંકીએ નાટક 'વીંછીનો ડંખ' નું વાચન કર્યું હતું. જયારે કવિ એ.કે. ડોડીયાએ તેઓની કવિતાઓમાં (૧) અમે જુવાળ છીએ (૨) ફાવતા આવ્યા છીએ (૩) મળું માણસ તરીકે તો (૪) ઈશ્વરને કાગળ (૫) તેથી અનામત છે (૬) નિષ્પક્ષ અદાલતનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન રામ સોલંકીએ કર્યું હતું જયારે આભારવિધિ ડૉ. પ્રા. યશવંત વાઘેલાએ કરી હતી. આ કાર્યક્રમમાં ડૉ. મોહન પરમાર, દલપત ચૌહાણ, ભી.ન. વણકર, આત્મરામ ડોડીયા, રમણ વાઘેલા, કવિ મુલાંકી, અમૃતભાઈ પરમાર, સવિતાબેન મકવાણા અને જગદીશભાઈ પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

muljibhaidadhi@gmail.com

# મહાત્મા ગાંધી જીવન કવન પ્રશ્ન શ્રૃંખલા-૫

૧૨૧ ૧૯૪૧ માં હિંદ સ્વરાજની પુર્ન આર્વૃત્તિમાં એક વાચકની રજૂઆત છતાં કયો શબ્દ સુધારાયો નથી?
(અ) મનોબળ (બ) તોપબળ (ડ) તપબળ (ક) એક પણ નહીં

૧૨૨ હિંદ સ્વરાજનું મૂળ લખાણ કઈ ભાષામાં છે?
(અ) હિન્દી (બ) ગુજરાતી (ડ) અંગ્રેજી (ક) આફ્રિકન

૧૨૩ હિંદ સ્વરાજમાં કુલ કેટલા પ્રકરણ છે?
(અ) ૧૦ (બ) ૧૫ (ડ) ૨૦ (ક) ૨૨

૧૨૪ હિંદ સ્વરાજની નકલો પરદેશ મોકલવામાં કયા સન્નારી અગ્રેસર હતા?
(અ) સરોજિની નાયડુ (બ) એની બેસન્ટ (ડ) ઈન્દિરા ગાંધી (ક) સોફિયા વાડીયા

૧૨૫ 'હિંદ સ્વરાજના સિદ્ધાંતોને ઝાઝી સફળતા નથી મળી' એ કથન કયા શાંતિવાદી અધ્યાપકનું છે?
(અ) જોન મિડલટન (બ) હ્યુ ફોસેટ (ડ) સોડી (ક) બેરેસ ફર્ડ

૧૨૬ અહિંસાને રાજનૈતિક દબાણના સાધન તરીકે વાપરવામાં આવે છે ત્યારે તેની શક્તિ જલ્દી ખૂટી જાય છે? આ વિધાન કોનું છે?
(અ) જોન મિડલટન (બ) હ્યુ ફોસેટ (ડ) સોડી (ક) બેરેસ ફર્ડ

૧૨૭ ગાંધીના પ્રયોગમાં આખા જગતને રસ છે, તેનું મહત્ત્વ યુગો સુધી કાયમ રહેશે? આ વિધાન કોનું છે ?
(અ) જવાહરલાલ (બ) એની બેસન્ટ (ડ) જિરાલ્ડ (ક) કોઈ નહીં

૧૨૮ રેંટીયો પણ એક યંત્ર છે, તો તેનો પણ નાશ કરવો પડે - આ દલીલ કોની છે?
(અ) જિરાલ્ડ હર્ડ (બ) બેરેસ ફોર્ડ (ડ) મિડલટન (ક) હયુ ફોસેટ

૧૨૯ હિંદ સ્વરાજને પ્રચંડ પ્રભાવવાળું કોણે કહ્યું છે ?
(અ) જિરાલ્ડ હર્ડ (બ) મિડલટન (ડ) રૅથબોન (ક) હયુ ફોસેટ

૧૩૦ હિંદ સ્વરાજ અંક કાઢીને ક્યા માસિકના તંત્રીઓએ શાંતિ અને અહિંસાની સેવા કરી છે?
(અ) નવજીવન (બ) યંગ ઈન્ડિયા (ડ) આયર્ન પાથ (ક) ક્રોનિકલ

૧૩૧ હિંદ સ્વરાજ સૌપ્રથમ કયા સામયિકમાં દર સપ્તાહે લેખ માળા રૂપે પ્રસિદ્ધ થયું હતું?
(અ) ક્રોનિકલ (બ) યંગ ઈન્ડિયા (ડ) નવજીવન (ક) ઈન્ડિયન ઓપિનિયન

૧૩૨ ગાંધીજીએ હિંદ સ્વરાજનો ઉદ્દેશ કયો દર્શાવ્યો છે?
(અ) દેશસેવા (બ) સત્યશોધન (ડ) તે પ્રમાણે વર્તવાનો (ક) તમામ સાચા

૧૩૩ હિંદ સ્વરાજની શરુઆત કેવી રીતે થઈ?
(અ) ગાંધીજીના અવતરણથી (બ) વાચકના પ્રશ્નથી (ડ) અધિપતિની વાતથી (ક) એક પણ નહિં

૧૩૪ હિંદના દાદા કોણ ?
(અ) ગોપાલકૃષ્ણ ગોખલે (બ) લાલા લજપતરાય (ડ)લોકમાન્ય ટિલક (ક) દાદાભાઈ નવરોજી

૧૩૫ મને કેમ વીસરે રે ? પુસ્તકના લેખક....
(અ) ગાંધીજી (બ) કસ્તૂરબા (ડ) નારાયણ દેસાઈ (ક) મહાદેવ દેસાઈ

૧૩૬ મને કેમ વીસરે રે ? પુસ્તકમાંકયા મહાનુભાવો વિશે નથી લખાયું.
(અ) ગાંધી (બ) વિનોબા (ડ) જયપ્રકાશ નારાયણ (ક) તમામ

૧૩૭ મને કેમ વીસરે રે? પુસ્તકના લેખક અનુસાર ગાંધી અને સરદાર વચ્ચે મેળ ખાવાના કેટલા કારણ દર્શાવ્યા છે?
(અ) એક (બ) બે (ડ) ત્રણ (ક) ચાર

૧૩૮ આશ્રમમાં ગીતસંગીતનો પાયો નાંખનાર કોણ?
(અ) મહાદેવ દેસાઈ (બ) કૃપલાનીજી (ડ) સરદાર પટેલ (ક) નારાયણ ખરે

૧૩૯ સિસિલીના ગાંધી કોણ?
(અ) દાનીલો દોલ્ચી (બ) મેક્સમૂલર (ડ) હો ચિ મિન્હ (ક) કોઈ નહીં

૧૪૦ આશ્રમમાં નારાયણ દેસાઈ 'બીજી કાકા' કોણ કહેતા ?
(અ) ગાંધીજી (બ) સરદાર પટેલ (ડ) નારાયણ ખરે (ક) કાકા સાહેબ કાલેલકર

૧૪૧ દાંડીકૂચ પુસ્તકના લેખક ?
(અ) ધીરુભાઈ પટેલ (બ) ધીરુબેન પટેલ (ડ) ગાંધીજી (ક) સરદાર પટેલ

૧૪૨ દાંડીકૂચ વખતે ગાંધીજીની ઉંમર કેટલી હતી ?
(અ) ૬૦ વર્ષ (બ) ૬૧ વર્ષ (ડ) ૬૨ વર્ષ (ક) ૭૦ વર્ષ

૧૪૩ દાંડીકૂચમાં કેટલા આશ્રમવાસીઓ પસંદ કર્યા હતા ?
(અ) ૨૦૦ (બ) ૧૨૦ (ડ) ૮૯ (ક) ૭૯

૧૪૪ ગાંધીજીએ દાંડીકૂચમાં સાથે....... લીધા ન હતા?
(અ) આશ્રમવાસીઓ (બ) વિદેશી (ડ) મહિલાઓ (ક) તમામ

૧૪૫ દાંડીકૂચમાં સૌથી નાના સૈનિકની ઉંમર કેટલી હતી ?
(અ) ૧૪ (બ) ૧૫ (ડ) ૧૬ (ક) ૧૮

૧૪૬ દાંડીકૂચમાં પાછળથી કેટલા સૈનિક જોડાયા હતા ?
(અ) ચાર (બ) ત્રણ (ડ) બે (ક) એક

૧૪૭ દાંડીકૂચમાં કેટલા સત્યાગ્રહી યુનિવર્સિટી ગ્રેજ્યુએટ હતા?
(અ) ૨૦ (બ) ૧૫ (ડ) ૧૨ (ક) ૮

૧૪૮ દાંડીકૂચના માર્ગમાં કેટલી નદીઓ આવતી હતી ?
(અ) ૫ (બ) ૭ (ડ) ૧૦ (ક) ૧૨

૧૪૯ દાંડીકૂચમાં ગાંધીજીના ખતે કેટલી થેલી રાખતા હતા ?
(અ) એક (બ) બે (ડ) ત્રણ (ક) એક પણ નહિં

૧૫૦ દાંડીયાત્રા કઈ તારીખે શરૂ થઈ હતી ?
(અ) ૧ માર્ચ (બ) ૫ માર્ચ (ડ) ૧૦ માર્ચ (ક) ૧૨ માર્ચ





**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની

## પ્રશ્ન શ્રૃંખલા-૪ અને ૫ ના ઉત્તરો

| | | |
|---|---|---|
| (૯૧)ડ | (૯૨)ક | (૯૩)અ |
| (૯૪)ક | (૯૫)અ | (૯૬)ડ |
| (૯૭)ક | (૯૮)બ | (૯૯)ડ |
| (૧૦૦)ડ | (૧૦૧)ડ | (૧૦૨)અ |
| (૧૦૩)ત | (૧૦૪)બ | (૧૦૫)ડ |
| (૧૦૬)ક | (૧૦૭)ડ | (૧૦૮)ક |
| (૧૦૯)ડ | (૧૧૦)ડ | (૧૧૧)અ |
| (૧૧૨)બ | (૧૧૩)અ | (૧૧૪)ક |
| (૧૧૫)બ | (૧૧૬)અ | (૧૧૭)ડ |
| (૧૧૮)ક | (૧૧૯)અ | (૧૨૦)અ |
| (૧૨૧)બ | (૧૨૨)બ | (૧૨૩)ક |
| (૧૨૪)ડ | (૧૨૫)ક | (૧૨૬)અ |
| (૧૨૭)ક | (૧૨૮)બ | (૧૨૯)ક |
| (૧૩૦)ક | (૧૩૧)ડ | (૧૩૨)ડ |
| (૧૩૩)બ | (૧૩૪)ડ | (૧૩૫)ક |
| (૧૩૬)ડ | (૧૩૭)બ | (૧૩૮)ડ |
| (૧૩૯)અ | (૧૪૦)ડ | (૧૪૧)અ |
| (૧૪૨)બ | (૧૪૩)ડ | (૧૪૪)ક |
| (૧૪૫)ક | (૧૪૬)ક | (૧૪૭)ક |
| (૧૪૮)ક | (૧૪૯)બ | (૧૫૦)ડ |

# જયપ્રકાશ અનેક લોકોના હૈયા પર શાસન કરે છે



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

દેશ આઝાદ થયો ત્યારબાદ લગભગ ત્રણ દાયકા પછી યુવાન સ્વાધીન રાષ્ટ્રની સામે એક નવો પ્રશ્ન ઊભો થયો. ૧૯૭૫ માં તત્કાલિન ભારત સરકારે નાગરિકોના અભિવ્યક્તિના મૂળભૂત હક્ક ઉપર કેટલાક આકરા નિયંત્રણ મૂક્યા. સરકારના ઓચિંતાજ મૂકાયેલા આવા નિયંત્રણો સામે એક આક્રોશ ક્રમશઃ ઊભો થતો ગયો. અનેક લોકનેતાઓ જેલમાં હોવા છતાં આવો આક્રોશ સ્વયં પ્રગટ થવા લાગ્યો. આ સમગ્ર ચળવળને દિશા અને નેતૃત્વ પૂરું પાડી શકે તેવા ગાંધી ત્યારે ન હતા. પરંતુ બહુરત્ના વસુંધરાના ગાંધી વિચારોથી રંગાયેલા જયપ્રકાશ નારાયણે લડતનું સુકાન હાથમાં લીધું. જયપ્રકાશ નારાયણને કારણે સમગ્ર આંદોલનને અસરકારકતા તથા વ્યાપકતા પ્રાપ્ત થઈ. ૧૯૪૨ ની લડતના લડવૈયા જે.પી.ને ૧૯૭૫ ની લડતની પણ દોરવણી કરી તે એક અસાધારણ યોગાનુયોગ ગણી શકાય. ૧૯૦૨ ના ઓક્ટોબરની ૧૧મી તારીખે બિહારમાં જન્મ લેનાર જયપ્રકાશ સમગ્ર દેશના અનેક લોકોના હૈયા પર સ્નેહનું શાસન કરે છે. ઓક્ટોબર માસમાં તેમની વિશેષ સ્મૃતિ થવી સ્વાભાવિક છે.

જયપ્રકાશ નારાયણે આજીવન વીરતા સાથે વેદનાની પણ ઊંડી અનુભૂતિ કરી છે. સંપૂર્ણ ક્રાંતિના પ્રણેતા જેપીના અંતરની વેદના તેમણેજ લખેલા નીચેના શબ્દોમાં પ્રગટ થયેલી છે.

સંપૂર્ણ ક્રાંતિનું મારું સપનું, જમીન પર સાકાર થયેલું
જોવા, હું તો કદાચ આ, દુનિયામાં નહિ રહું
પરંતુ સમાજનો સૌથી, છેલ્લો માણસ જયારે
આબરૂભેર જીવન જીવી, શકશે, પોતાની શકિત
મુજબ મહેનત કરી શકશે, પોતાની આવશ્યકતા મુજબ
મેળવી શકશે ત્યારે મને, સંતોષ થશે.

અભ્યાસ બાદ અમેરીકાથી વતનમાં પાછા ફર્યા બાદ દેશનું તે સમયનું વાતાવરણ જોઇને તેમણે ગાંધીજીની પ્રેરણાથી શરૂ થયેલા આઝાદી મેળવવા માટેના જંગમાં ઝૂકાવ્યું. ભારતના સામ્યવાદી પક્ષ સાથે વૈચારિક મતભેદ થતા તેઓ કોંગ્રેસ સાથે જોડાયા. મજૂરોના પ્રશ્ન બાબત ઊંડી સમજ અને તેમની તે તરફની લાગણીને કારણે કોંગ્રેસમાં પણ મજૂર વિભાગની જવાબદારી ઉપાડી. સમાજવાદી વિચારધારાનું મૂળ પણ તેમણે અચ્યુત પટવર્ધન, મીનુ મસાણી, અશોક મહેતા જેવા સુપ્રસિધ્ધ વિચારકો-કર્મશીલો સાથે ચર્ચા-વિચારણા કરીને રોપ્યું જે પછીથી એક મહત્વનું પરિબળ બન્યું.

ગાંધીજીના આજીવન તથા પૂર્ણ અનુયાઈ પ્રભાવતી ખરા પરંતુ જીવનના એક તબક્કે જે.પી. ગાંધી વિચારના આલોચક હતા. વિચારોનું બંધિયારપણું કે કોઈના વિચારોનું અંધ અનુકરણ એ જાણે જયપ્રકાશની પ્રકૃતિમાંજ ન હતું. ગાંધીજીના વ્યકિતત્વ તરફ જેપીનું ખેંચાણ હતું. સુભાષબાબુની જેમ જેપી પણ એમ માનતા કે દેશમાં જે વ્યાપક લોક આંદોલન પ્રસરી શક્યું છે તેના મુળમાં ગાંધીજી છે. ગાંધીજીની લોકશક્તિની નાડ પારખવાની શક્તિથી જેપી પ્રભાવિત હતા. પરંતુ તેમ છતાં માકર્સવાદની ઊંડી છાપ જેપીના વિચારો પર એક તબક્કા સુધી સતત રહી હતી. આથી ગાંધીજીના અમુક વિચારો તેમને ઉપયોગી જણાતા ન હતા. તેઓ ગાંધીજીની આકરી આલોચના પણ વિચારભેદના કારણસર કરતા હતા. ગાંધીજીના રામરાજ્ય કે ટ્રસ્ટીશીપના સિધ્ધાંતોની જેપીએ આલોચના કરી હતી. જો કે સમય જતાં જયપ્રકાશના વિચારોનું પવિત્ર ઝરણું બાપુની બે કાંઠે જતી વિચારધારાની ભાગીરથીમાં ભળી ગયું હતું. ગાંધીજીના વ્યકિતગત જીવનનું તેમને ભારે આકર્ષણ હતું. વિશાળ અને અસરકારક લોક આંદોલનના નિર્માણ માટેની ગાંધીજીની અમાપ શક્તિની જેપીને પ્રતિતિ થયેલી હતી. સમાજવાદ બાબતમાં પણ જેપી તથા તેમના સાથીઓને ગાંધીજી હમેશા કહેતા : '' તમે લોકો હજી જન્મ્યાયે નહોતા તે પહેલાથી હું સમાજવાદી છું. સમાજવાદ તો પોતાની જાતથી શરૂ થાય છે. સમાજવાદી પોતેજ સમાજવાદનો વ્યવહાર શરૂ કરે છે. સમાજવાદ કંઇ રાજ્યના કહેવાથી નહિ આવી શકે. '' સમગ્ર જનતાને ક્રાંતિના આકરા માર્ગે અહિંસક રસ્તે લઇ જવાની બાપુની કલ્પના ક્રાંતિકારીઓને પણ અદભુત લાગતી હતી.

૧૯૪૪-૧૯૪૫ માં ગાંધીજી સહિતના અનેક નેતાઓ જેલમુક્તિ મેળવી ચૂક્યા હતા. પરંતુ બ્રિટીશ સત્તાધિશો જેપીને છોડવા તૈયાર ન હતા. જેપીની અસાધારણ સંઘર્ષ શક્તિ તેમજ અસામાન્ય નૈતિક બળનો અંગ્રેજ સત્તાધિકારીઓને ભય રહેતો હતો. ગાંધીજીએ બ્રિટીશ સત્તાધારીઓ ઉપર જેપી તથા ડૉ. રામમનોહર લોહિયાને જેલમુક્ત કરવા માટે ભારે દબાણ કર્યું હતું. જેપીની કાર્યશક્તિ તથા સાફ હદયની ગાંધીજી પર એક જૂદી છાપ હતી. જેપીમાં નેતૃત્વ કરવાની અનોખી શક્તિનો રાષ્ટ્રપિતાને અહેસાસ હતો. આ વાત પછીના કાળમાં વાસ્તવિક હકીકત તરીકે પ્રગટ થઈ. જેપી માત્ર ગાંધીકાળમાંજ નહિ પરંતુ દેશ આઝાદ થયો ત્યારબાદ પણ યુવાનોના સર્વમાન્ય માર્ગદર્શક રહેલા હતા. સીત્તેરના દાયકામાં કેટલીક જન સામાન્યને સ્પર્શતી ઘટનાઓને કેન્દ્રમાં રાખીને જયપ્રકાશે દેશવ્યાપી આંદોલન ચલાવ્યું હતું. જેપીની પ્રતિભા તેમજ તેમના સત્યના રણકારવાળા શબ્દોની પ્રંચડ અસર ૧૯૪૨ માં યુવાનો પર થતી હતી તેવીજ અસર ત્યારપછીના લગભગ ત્રણ દાયકા બાદ પણ તેમના વચનોની થઈ હતી. જેપી નામધારી આ મશાલ કાળના કપરા પ્રવાહમાં કદી ઝાંખી પાંખી થઈ નથી. જે.પી.નું નામ અવારનવાર દેશના ઉચ્ચ હોદ્દાઓ માટે ચર્ચામાં આવતું હતું. પરંતુ તેઓ કદી સત્તાસ્થાન નજીક પોતાની પસંદગીથી જ ગયા નહિ. ડાકુઓના સમર્પણના કાર્યમાં તેઓએ કાર્યનો સમગ્ર યશ ગાંધીજી અને વિનોબાજીને ખાતે ફાળવ્યો. સંપૂર્ણ આત્મવિશ્વાસ તથા વિચારોની વિશાળતા એ જયપ્રકાશના વ્યક્તિત્વના અભિન્ન ભાગ સમાન હતા. ખેડૂતો તેમજ મજૂરોના પ્રશ્નોના ઉકેલ માટેની તત્પરતા તેમજ તે અંગેની સૂઝ માટે જયપ્રકાશનું નામ હમેશા સ્મૃતિમાં રહેશે.

જેપીના વીર વ્યક્તિત્વના સંદર્ભમાં રામધારીસિંહજી 'દિનકરે' લખેલા શબ્દો ફરી ફરી વાગોળવા ગમે તેવા છે.

કહેતે હૈં ઉસકો જયપ્રકાશ, જો નહિ મરણ સે ડરતા હૈ,
જ્વાલાકો બુઝતે દેખ કુંડ મેં, સ્વયં કૂદ જો પડતા હૈ.